**Moti Vēnti Ginan Recitation Project**

**Day 3**

એજી તારે અમે ત્યાં પુકારશું, જારે તખતે બેસશો હો રાજ;
આદ ઉણીયાદથી કર ઝાલીયા, તે કેમ મેલો આજ ..મહેર. ૧૫
એજી સામી અવગુણ અમતણા મ જુઓ, અમે છીએ ગુનેહગાર;
છેડા નાંખીને સામી ઢાંકજો, હું છઉં બાળ કુંવાર....મહેર. ૧૬
એજી સામી મા બાપ અમને જનમ્યા, સોંપીયા તમારે શરણ;
હવે હાથ ઝાલ્યાની લજા આણજો, તારો તમે તારણહાર...મહેર. ૧૭
એજી સામીજી નારીયું તમારી અતી ઘણી, મુજ સરીખી લાખો લાખ;
તમે છો અલખ નીરીંજન, અમે છીએ ધુળી ખાક....મહેર. ૧૮
એજી સામી હાથ ઝાલ્યાની લાજ આણજો, અલખ લખાવો તમે પ્રેમનો પાર;
પ્રીત કરીને અમને પરણજો, અમે છીએ ગુનેહગાર....મહેર. ૧૯
એજી ભરજોબન મારૂં આવીયું, સામી એકલા નહી રહેવાય;
બહાર જવાનો એબ છે, નીકા કરી પરણો હો રાય....મહેર. ૨૦
એજી જાન લઈને સામી આવજો, વાર મ કરશો લગાર;
મહેર કરીને સામી આવજો, હું છઉં તમારી નાર....મહેર. ૨૧
એજી પીર હસન કબીરદીન નારી થઈને વીનવે, શ્રીવર સામીને વળગું;
આજ કલજુગ માંહે જો ગુર નરને ઓળખો, તો કદી નહી થાશો અળગું...મહેર. ૫૦